ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૧ ટકા

# શહેરમાં ઉજવાયો વિશ્વ પર્યાવરણ દિવસ

●●●

**પ્રકૃતિ યુવા ટ્રસ્ટના પ્રોજેક્ટ 'સેવ ગ્રીન ગાંધીનગર'નો પ્રારંભ**

ગાંધીનગરને ફરી હરિયાળું શહેર બનાવવા અને ગ્રીનેસ્ટ કેપિટલનો દરજ્જો ફરી પાછો અપાવવાના પ્રયાસમાં ભાગીદાર થવાના આશયથી શહેરના પર્યાવરણપ્રેમી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થાઓ ''પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ'' અને ''હેપ્પી યુથ ક્લબ''ના સંયુક્ત ઉપક્રમે આજે તા.૫મી જૂન ''વિશ્વ પર્યાવરણ દિવસ'' નિમિત્તે પ્રોજેક્ટ ''સેવ ગ્રીન ગાંધીનગર''નો પ્રારંભ આજે સવારે ગાંધીનગરના વાવોલ- કોલવડા માર્ગ પર મા એનિમલ ફાઉન્ડેશનના આકાર લઈ રહેલા એનિમલ કેર સેન્ટર ખાતે વૃક્ષારોપણ



કરીને આ પ્રોજેક્ટને લોન્ચ કરવામાં આવ્યો હતો.

પ્રોજેક્ટ ''સેવ ગ્રીન ગાંધીનગર'' અંતર્ગત આજે આયોજકો દ્વારા એક ઓનલાઈન લીંક લોન્ચ કરવામાં આવી છે જેમાં આપેલ સંકલ્પ ફોર્મ ભરીને દરેક શહેરીજને તા.૫મી જૂનથી તા. ૩૦મી જૂન સુધી પોતે નિશ્ચિત કરેલી સંખ્યામાં વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ લેવાનો રહેશે. પ્રોજેક્ટ 'સેવ ગ્રીન ગાંધીનગર' ફક્ત ગાંધીનગર પૂરતો મર્યાદિત રાખવામા આવ્યો છે અને આ પ્રોજેકટમાં ભાગ લેનારે જેટલાં વૃક્ષોનું વાવેતર કરવાનો સંકલ્પ લીધો હોય તેટલા વૃક્ષોના છોડ મેળવવા આયોજકોની મદદ કરશે. સંકલ્પ લેનારે વૃક્ષારોપણ કરવા માટે પોતાની પસંદગીની જગ્યાએ મોડામાં મોડુ તા.૩૦મી જુન સુધીમાં વૃક્ષારોપણ કરીને તેની સાથેનો પોતાનો એક સેલ્ફી પ્રોજેકટ કોઓર્ડિનેટરના મોબાઈલ નંબર પર વ્હોટ્સએપથી પોતાના નામ સાથે મોકલી આપવાનો રહેશે. આ વૃક્ષારોપણનું આયોજકો દ્વારા મૂલ્યાંકન કરી ખરાઈ કરાયા બાદ જો ભાગ લેનારને આગામી તા.૧૨મી જુલાઈ ''રથયાત્રા''ના પવિત્ર દિવસે ''ઈ-સર્ટિફિકેટ''થી સન્માનિત કરવામાં આવશે. આ પ્રોજેકટમાં વધુ માહિતી માટે પ્રોજેકટ કો-ઓર્ડિનેટર વાઈલ્ડ લાઈફ એક્ટિવિસ્ટ કલ્પેશ જોશીનો મો. નં. ૯૪૨૭૦૫૧૩૫૨ છે જેના પર સંપર્ક સાધી શકાશે.

●●●

**લાયન્સ કલબ ઓફ ગાંધીનગરનું વૃક્ષારોપણ**

લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ તથા લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ બી-૧, લાયન વર્ષ ૨૦૨૧-૨૨ના




કેબિનેટ સેક્રેટરી લાયન હરીશભાઈ ત્રિવેદીના જન્મદિવસ નિમિત્તે સોલા સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે આરોગ્ય વિભાગના સિવિલ હોસ્પિટલ સોલાના અધિક્ષક તથા પી.આઈ.યુ. કચેરીના ઈજનેર મિત્રો, પૂર્વ પ્રમુખ અને ડિસ્ટ્રિક્ટ ડાયરેક્ટર વિઝન લાયન કે. પી. પ્રજાપતિ, લાયન મૌલિક ચૌધરી, લાયન મોહનભાઈ પરમાર, લાયન હરીભાઈ સોલંકી અને લાયન સંકેત ગોર તેમજ લિયો ક્લબ ઓફ ગાંધીનગરના ઉપપ્રમુખ ઋત્વિક પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

●●●

**સે-૨૬ સરમાઉન્ટ હોસ્પિટલ ખાતે વૃક્ષારોપણ**



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વન વિભાગ તથા સરમાઉન્ટ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે ગ્રીનસીટી, સેકટર-૨૬ ખાત કોરોના વોરીયર્સના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

●●●

**બરોડા ગુજરાત ગ્રામીણ બેંક ખાતે વૃક્ષારોપણ**




ગાંધીનગરના સે-૭-ડી ખાતે બરોડા ગુજરાત ગ્રામીણ બેંકની શાખાના મેનેજર પ્રદીપ સોલંકી, અધિકારી માયાબહેન પાઠક, રિપલબહેન સમગ્ર સ્ટાફ તથા ગાંધીનગર જીલ્લા સરકારી વકીલ જીગ્નેશભાઈ જોષી, સામાજિક કાર્યકર ગિરીશભાઈ શર્મા તથા મયુરભાઈ પટેલની ઉપસ્થિતિમાં બેંકના પટાંગણમાં તુલસી, પીપળો તથા વડનું વાવેતર કરવામાં આવેલ તથા તેને ઉછેરવાનાં સંકલ્પ સાથે ગાંધીનગરને રાષ્ટ્રનું ગ્રીનસીટી બનાવવા તરફ સહભાગી થયા હતા.

●●●

**નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વૃક્ષારોપણ અને વેબિનાર યોજાયા**

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા, પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ,ગાંધીનગરના સહયોગથી ૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન ઉજવણી નિમિતે વિવિધ



પાંચ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કોરોના મહામારીને કારણે ગાંધીનગર શહેર વિસ્તારમાં વસતા ઘણા પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. ઘણા બધા નાગરિકો ઓક્સીજનના અભાવે અવશાન પામ્યા છે. વૃક્ષોને ઓક્સિજનની ફેક્ટરી ગણવામાં આવે છે. તેથી નાગરિકો વૃક્ષોના ઉછેરનું મહત્વ સમજે તે હેતુથી ગાંધીનગર શહેર વિસ્તારમાં વસતા ૨૫ જેટલા પ્રતિષ્ઠિત નાગરિકો કે જે કોરોના મહામારીને કારણે અવશાન પામેલ છે તેમની સ્મૃતિ સ્વરૂપે તેમના પરિવાર ના સભ્યોના હસ્તે તેમની યાદમાં વૃક્ષો વાવવામાં આવ્યા. જેમાં સ્વ.ભોળાભાઈ પટેલ, ટ્રસ્ટી ઉમીયા માતાજી સંસ્થાન, ગાંધીનગર. સ્વ. જે.સી. પટેલ- સંસ્થાપક-વી.કેર.ફાઉન્ડેશન-ગાંધીનગર, સ્વ.હરેશભાઈ પરમાર, નાયબ સચિવશ્રી, ગુજરાત સરકારના પરિવારજનોએ ઉપસ્થિત રહી સ્મૃતિવૃક્ષ વાવ્યા હતા. દરેક પરિવારને તુલસીના છોડનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

વિશ્વ પર્યાવરણ દિન-૨૦૨૧ ની થીમ ઈકોસિસ્ટમ રિસ્પેરેશનને ધ્યાનમાં રાખીને વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં મુખ્ય મહેમાન તરીકે ડી.સી.વાંકાણી, પ્રાદેશિક અધિકારી- પ્રાદેશિક કચેરી- ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ- ગાંધીનગર, નરેશ ઠાકર- પૂર્વ પી.આર.ઓ- જી.પી.સી.બી.- ગાંધીનગર, ડૉ.અનીલ પટેલ, મેનેજિંગ ટ્રસ્ટી- નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, અને જી.આઈ.ડી.સી. કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

●●●

**સે.૧૯ સ્પે. ચિલ્ડ્રન્સ હોમ ખાતે હેપ્પી યુથ કલબનું વૃક્ષારોપણ**

ગાંધીનગરમાં આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે હેપ્પી યુથ ક્લબ દ્વારા જે ડી પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના સહકારથી સેક્ટર- ૧૯માં સ્પેશ્યલ ચિલ્ડ્રન્સ હોમ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો



હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ તથા જેડી પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના ચેરમેન અનુપભાઈ પરીખ, પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના વાઈલ્ડલાઈફ એક્ટિવિસ્ટ કલ્પેશભાઈ જોષી, હેપ્પી યુથ ક્લબના કારોબારી સભ્ય હિરેન ચૌહાણ અને ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપના વિવેક પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં સ્પેશ્યલ ચિલ્ડ્રન શેરો પોઝીટીવ બાળકોને પ્રકૃતિ પ્રત્યે જાણકારી તેમજ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી વૃક્ષારોપણ કરવા સાથે હેપ્પી ચકલી ઘર અને પાણીના કુંડા ભેટમાં આપવામાં આવ્યાં હતા.

●●●

**ગુજરાત સાયન્સ સિટીમાં સ્વચ્છતા અભિયાન સાથે વૃક્ષારોપણ**

ગાંધીનગર પાસેની ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ પર્યાવરણ



દિવસ ૨૦૨૧ની ઉજવણી કરવામા આવી. વિશ્વ પર્યાવરણ દિવસ પર્યાવરણ અંગે જાગૃતિ અને રક્ષણ માટે ૧૯૭૪થી આ ઉજવણી વિશ્વના ૧૪૩ દેશો દ્વારા ઉજવવામાં આવે છે. આ વર્ષે ઉજવણીની થીમ 'રિસ્ટોરિંગ ઈકોસિસ્ટમ્સ' અંતર્ગત સાયન્સ સીટી ખાતે આ ઉજવણી પ્રસંગે જેમા એકઝીકયુટીવ ડીરેકટર અને સાયન્સ સીટીના કર્મચારીઓ દ્વારા ૧૦૦ ઈકોફ્રેન્ડલી વાતાવરણ જાળવી રાખવા જેટલા છોડનુ વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું. આ ઉપરાંત પ્લાસ્ટીક કચરો એકઠો કરવાનુ કાર્ય પણ કરવામા આવ્યુ હતું. આ પછી પ્રો. રમેશ કોઠારીના લાઈવ વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં આશરે ૨ હજારથી વધુ વિધાર્થીઓ જોડાયા હતા.

●●●

**શહેર વસાહત મહાસંઘ દ્વારા વૃક્ષારોપણ**

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા વિશ્વ પર્યોવરણ દિવસે સેકટર-૫-એ વસાહતમાં વૃક્ષારોપણ કાર્યેક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ કેશરીસિંહ બિહોલા, મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખ, અલ્પેશભાઈ પજાપતિ, નિલેન્દુભાઈ વૉરા, ઘનશ્યામસિંહ ગોલ , કાનજીભાઈ દેસાઈ, વિનોદભાઈ ભટ્ટ, સી કે સોની, કનુભાઈ



સોલંકી, જીતેન્દ્ર રાઠોડ વગેરેએ હાજર રહી વૃક્ષારોપણ કર્યું હતું.

●●●

**સે-૩૦ મુક્તિધામ ખાતે વૃક્ષારોપણ**



ગાંધીનગરના સેકટર-૩૦માં મુક્તિધામ ખાતે પર્યાવરણ દિન નિમિત્તે સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં વ્યક્તિ દીઠ ત્રણ વૃક્ષો વાવી તેને ઉછેરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. મુક્તિધામના સંચાલક દ્વારા કર્મચારીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

●●●

**વનશ્રી ટ્રસ્ટનું સિદ્ધાર્થ રેસિડેન્સી ખાતે વૃક્ષારોપણ**

ગાંધીનગરમાં વાવોલ સ્થિત સિદ્ધાર્થ રેસિડેન્સીના રહીશો દ્વારા પર્યાવરણ ક્ષેત્રે ૨૦થી પણ વધુ વર્ષથી કાર્યરત સંસ્થા વનશ્રી ટ્રસ્ટના સહયોગથી વિવિધ પ્રકારના વૃક્ષો તથા ઔષધીય રોપાઓનું વાવેતર



કરવામાં આવ્યું હતું. રહીશો દ્વારા આ વૃક્ષોની જાળવણી અને ઉછેર કરવાના શપથ લેવામાં આવ્યા હતા. આ પ્રસંગે વનશ્રી દ્વારા પક્ષીપરબનું નિઃશુલ્ક વિતરણ પણ કરાયું હતું. 'ગુડા' ના સરગાસણ સ્થિત પ્લોટમાં પણ વનશ્રીના સહકારથી વડ, આંબો, ઉછેર, કણજી, લીમડા જેવા દેશી વૃક્ષો તથા ફુલ છોડનું વાવેતર કરાયું હતું.

●●●

**સમર્પણ સ્કુલે બાળકોને છોડ વાવવા પ્રેરણા આપી**

શંકરસિંહ વાઘેલા ટ્રસ્ટ સંચાલિત સમર્પણ ગુજરાતી મીડિયમના બાળકોને છોડ આપી તે વાવવા પ્રેરણા આપી અને તેઓને સમજ આપી કે વૃક્ષ કેમ ઉગાડવા જોઈએ.



વૃક્ષનું શું મહત્વ છે તેની પણ જાણકારી આપી. અત્યારના કોરોના કાળમાં ઓક્સિજનનું કેટલુંક મહત્વ છે કયા વૃક્ષ આપણને ૨૪ કલાક ઓક્સિજન આપે છે તે બધી જ માહિતી આપવામાં આવી હતી. પારુલબેન આચાર્યએ કહ્યુ કે જો બાળકોને આવી સમજ નાનપણ થી જ આપવામાં આવે તો આપણું શહેર હરિયાળુ બની જાય ભણતર સાથે અન્ય દરેક બાબતોને સમજ આપવી અત્યંત જરૂરી છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. મકવાણા રામાજી ગલાજી,** ઉ.વ. ૬૫, માણસા
- **સ્વ. ઝાલા ભાવસિંહ જેણસિંહ,** ઉ.વ. ૬૪, પેથાપુર
- **સ્વ. પોરીયા રાઘવજીભાઈ ડાયાભાઈ,** ઉ.વ. ૮૮, જામસર, જી. જામનગર
- **સ્વ. વાઘરી અરવિંદભાઈ જકશીભાઈ,** સેકટર-૨૮
- **સ્વ. ઝાલા સોનલબા કુલદિપસિંહ,** ઉ.વ. ૨૨, સેકટર-૭
- **સ્વ. રામરાખીયા જયોતીબેન નંદલાલ,** ઉ.વ. ૫૫, હિંમતનગર

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. ધોબી સમ્પતબહેન મોરગાંભાઈ,** ઉ.વ. ૬૨, સઈજ, કલોલ
- **સ્વ. ગોસ્વામી મોતીગીરી રણબેગીરી,** ઉ.વ. ૯૦, સેકટર-૪
- **સ્વ. પ્રજાપતિ મધુબેન હિરાભાઈ,** ઉ.વ. ૫૩, તારાપુર
- **સ્વ. શાહ જિતેન્દ્ર કાન્તીલાલ,** ઉ.વ. ૫૭, ધુલે, મહારાષ્ટ્ર
- **સ્વ. પટેલ કોકીલાબેન કાન્તીલાલ,** ઉ.વ. ૬૬, સેકટર-૪

# મહિલા સેકશન ઓફિસર સાથે ૨૬.૨૫ લાખની છેતરપિંડી

ગાંધીનગર, તા.૫

સચિવાલયમાં ફરજ બજાવતા મહિલા ડે.સેકશન અધિકારી સાથે છેતરપિંડી થઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ વિસ્તારમાં હરી આલયમ ફલેટ નં.૫૦૧ ખાતે રિધ્ધી રતનસિંહ ગઢવી પોતાના પરિવાર સાથે રહે છે અને સચિવાલય ખાતે ડેપ્યુટી સેકશન અધિકારી તરીકે ફરજ બજાવે છે. અધિકારીના પરિવારજનોને ફરવા માટે જવાનું હોવાથી ત્રણ વર્ષ પહેલા અમદાવાદની યુગ ડ્રાઈવર સર્વિસમાં ફોન કરીને ડ્રાઈવર સંજય નટવરભાઈ પટેલ (રહે.બી.૧૦૧ વૃંદાવન પાર્ક તક્ષશિલા પાસે વાપી વલસાડ)ને બોલાવ્યો હતો. સંજયનું ડ્રાઈવીંગ વ્યવસ્થિત હોવાથી અવારનવાર સંજયને બોલાવતા હતા. ડ્રાઈવર તરીકે સંજય આવતો હોવાથી મહિલા અધિકારી સાથે ઓળખાણ થઈ ગઈ હતી. જેથી સંજયે વર્ષ ૨૦૨૦માં નોકરીમાં વધુ કમાણી થતી નથી, જો તમે મને ગાડીઓ ભાડે આપો તો તેને હજીરા પોર્ટ પર ભાડે મુકીશુ તો સારા એવા પૈસા મળશે.

જેનો પગલે મહિલા અધિકારીએ પોતાના ઓળખીતા ભરત દેસાઈની સ્વીફ્ટ કાર, કનુભાઈ સોલંકીની બલેનો કાર, બાબુભાઈ જાદવની રેનોલ્ટ કાર તેમજ નિકિન પટેલની ઈનોવા કાર સંજયને હજીરા પોર્ટ ખાતે ભાડે મુકવા માટે આપી હતી.સંજય પટેલે ત્રણ કાર પેટે રૂ.૧૮૦૦ તેમજ ઈનોવા કારના રોજના રૂ.૨ હજાર નક્કી કર્યા હતા.જયારે બીજી બાજુ મહિલા અધિકારી સંજયને ઓળખતા હોવાથી કોઈ લખાણ લીધુ ન હતું. જયારે સંજયે તા.૪.૨.૨૧ ના રોજ રૂ.૪૯.૫૦૦ તેમજ તા.૪.૩.૨૧ ના રોજ રૂ.૨૦ હજાર ચુકવ્યા હતા. પરંતુ આ રકમ નક્કી થયા કરતા ખુબ ઓછી હતી. મહિલા અધિકારીએ ગાડીઓ પરત માંગતા તેણે તા.૧૫-૫-૨૧ ના રોજ ફોન કરીને કહ્યુ કે ગાડીઓ તેમજ બાકીનો હિસાબ આપી જશે. ત્યારપછી થી તેનો મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ આવે છે. જેથી શંકા જતા હજીરા પોર્ટ ખાતે તપાસ કરતા ખબર પડી કે આ નંબરવાળી એકપણ ગાડી ભાડે મુકવામાં આવી નથી. ત્યારબાદ સંજયના ઘરે તપાસ કરતા તેની પત્ની અંજના અને દિકરા દેવેને જણાવ્યું હતું કે સંજય મુંબઈ જતો રહ્યો છે અને ગાડીઓ વિશે કાંઈ ખબર નથી. આખરે મહિલા અધિકારીને પોતે છેતરાયાનો અહેસાસ થતા અડાલજ પોલીસ મથકે રૂ.૨૬.૨૫ લાખની ૪ ગાડી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## જન્મદિને વધામણી



**સુરેશભાઈ કચરાભાઈ પારેખ**
મો. ૮૦૦૦૯૫૭૪૬૨



**ગોવિંદભાઈ કા વાળંદ**
મો. ૯૪૨૭૦૨૬૭૩૦



**સાત્વિક**
**નિલેષભાઈ મકવાણા**

# વિશ્વ પર્યાવરણ દિને ગાંધીનગર ખાતે યોજાયો વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૫

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે આજે ગાંધીનગર સેકટર-૨૮ દત્ત મંદિરના પટાંગણ ખાતે ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના અધ્યક્ષ સ્થાનેથી બોલતા ગાંધીનગર (દ) ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું કે, માનવ જીવનને પ્રાણવાયુ આપનારાં વૃક્ષો માનવ જીવન માટે ખૂબ જ અમૂલ્ય છે. વૃક્ષો જમીનનું ધોવાણ અટકાવે છે, રણ આગળ વધતું અટકાવે છે, જમીનમાં વરસાદનું પાણી તેના મૂળ દ્વારા સંચય થાય છે. અને વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઈડ ખેંચીને ઓક્સિજન આપતાં હોઈ પ્રદૂષણને અટકાવે છે. જેથી વૃક્ષોનું મહત્વ માનવ જીવન માટે ખૂબ મહત્વ હોઈ વધુમાં વધુ વૃક્ષો વાવી મુખ્ય મંત્રીશ્રીના ગ્રીન અને કિલન ગુજરાતના સંકલ્પને સાકાર કરવા પાટનગર ગાંધીનગરને હરિયાળુ બનાવી ગ્રીન અને કિલન બનાવવા પ્રત્યેક નાગરિકોને અનુરોધ કર્યો હતો.

રાજયમાં કુદરતી વન વિસ્તાર ઓછો છે. જે ૧૧.૦૪ ટકા જ છે. રાષ્ટ્રીય વન નિતી અનુસાર કુલ ભૂ – ભાગના ૩૩ ટકા વન વિસ્તારમાં વનો અને વૃક્ષો હોવા જરૂરી છે. આકમીને પૂર્ણ કરવા રાજયના વન બહારના વિસ્તારામાં વૃક્ષોરોપણ વધારવા ૧૯૬૯ – ૭૦ થી દેશભરમાં સૌ પ્રથમ સામાજિક વનીકરણ યોજનાનો શુભારંભ થયો હતો. જેથી વન બહારના વિસ્તારમાં વૃક્ષો વાવેતર અને વૃક્ષા ઉછેર માટે આપણું ગુજરાત



પાયોનિયર છે.

એટલું જ નહિ વન વૃધ્ધિ અને વન સંરક્ષણનું કાર્ય ગુજરાતની પ્રજા કરી શકશે. જરૂર છે માત્ર આપના સક્રિય યોગદાન, માર્ગદર્શન અને દોરવણીની. ગુજરાતના વનોને બચાવવા, વિકસાવવા અને વૃક્ષો ઉછેરના આ અભિયાનને સફળ બનાવવા તન, મન અને ધનથી માર્ગદર્શક બનો. એવી રાજયના પ્રતિનિધિ તરીકે મારી લોક લાગણી અને માંગણી છે તેમ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડાૅ. રતનકંવર ગઢવીચારણે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આભારવિધી મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી પી.એસ.દવેએ કરી હતી.

રાજય કક્ષાએથી મુખ્ય મંત્રીશ્રીએ વૃક્ષારોપણ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યા બાદ જિલ્લા કલેકટર કચેરી ખાતેથી ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડાૅ. કુલદીપ આર્યએ ઈલેકટ્રોનિક વાહનોનું પ્રસ્થાન કરાવીને નવીન સેવાનો જાહેર જનતા માટે શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મહાનગરપાલિકાના પૂર્વ મેયર શ્રીમતી રીટાબેન પટેલ, પ્રવિણભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટ, મુખ્ય વન સંરક્ષક શ્રી એ.સી. પટેલ, નાયબ વન સંરક્ષક શ્રી એસ.એમ. ડામોર, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી એસ.એમ.ભોરણિયા, ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓ તેમજ વન વિભાગના કર્મચારીઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.